
APIAHF
ASIAN & PACIFIC ISLANDER
AMERICAN HEALTH FORUM

# આર.એસ.વી. વિષે માર્ગદર્શન

જાન્યુઆરી 2024




## લક્ષણો

રેસ્પિરેટોરી સીન્સીશ્યિલ વાયરસ (આર. એસ. વી.) વાળા લોકોમાં સામાન્ય રીતે ચેપ લાગ્યા પછી 4-6 દિવસમાં લક્ષણો દેખાય છે:

- નાક માંથી પાણી નીકળવું
- ભૂખમાં ઘટાડો
- ઉધસર
- છીંકવું
- તાવ
- ગળામાં ઘેરો અવાજ આવવો (સુસવાટો)

આ લક્ન્ષણો સામાન્ય રીતે તબક્કાવાર દેખાય છે - બધા લક્ન્ષણો એકી સાથે દેખાતા નથી.
**(આર. એસ. વી.) ધરાવતા ખૂબ જ નાના શિશુ ઓમાં, ચીડયિાપણું, પરયવૃડિતમાં ઘટાડો અને શ્વાસ લેવામાં તકલીફ જેવા લકય ણો દેખાય છે.**

## સંક્રમણ



(આર. એસ. વી.) ફેલાઇ શકે છે જો:

- કોઈ ચેપગ્રસ્ત વ્યક્તિ ઉધરસ કેછીંક ખાય
- ઉધરસ અથવા છીંક ખાવાથી તેમાંરહેલ વાયરસ તમારી આંખો, નાક અથવા મોંઢામાં પ્રવેશ કરે
- તમેવાયરસના સીધા સંપર્કમાંઆવો, જેમ કે (આર. એસ. વી.) ધરાવતા બાળકના ચહેરા પર ચુંબન કરવું
- તમેવાયરસવાળી સપાટીનો સ્પર્શકરો અનેત્યારબાદ હાથ ધોયા પહેલા તમારા ચહેરાનો સ્પર્શકરવો

ટેબલ અનેદરવાજાના હેન્ડલ જેવી સખત સપાટીઓ પર (આર. એસ. વી.) ઘણા કલાકો સુધી ટકી શકેછે. તે સામાન્ય રીતેપેશીઓ અનેહાથ જેવી નરમ સપાટીઓ પર ઓછા સમય સુધી ટકી શકેછે.

## સંક્રમણ રોકવાનું નિવારણ



(આર. એસ. વી.) ઈમ્યુનાઈઝેશનની ભલામણ ફક્ત આ સમુહદાય ના લોકો માટે જ કરવામાં આવે છે:

- જે 60 વર્ષ થી વધારે ઉંમર વાળા વ્યક્તિ ઓ છે એમને આપવા માટે એફ.ડી.એ. દ્વારા બે આર.એસ.વી. ની રસીઓ ને પરવાનગી આપવા માં આવેલ છે, જે નું નામ છે, GSK ની AREXVY અને PFIZER ની ABRYSVO.



- શિશુઓ ની સુરક્ષા માટે ગર્ભાવસ્થા ના 32 થી 36 અઠવાડિયા દરમિયાન પ્રેગ્નન્ટ બેહનો એ રસી લેવાની ભલામણ કરેલ છે, અને તે એફ.ડી.એ. દ્વારા પરવાનગી આપવા માં આવેલ છે એક રસી ને જેનું નામ છે, GSK ની AREXVY.

- એક (આર. એસ. વી.) નિવારક એન્ટિબોડીનેલાઈસન્સ આપેલ છે અને શિશુઓ અનેકેટલાક નાના બાળકો માટેભલામણ કરવામાં આવી છે.

(આર. એસ. વી.) નો ગંભીર ચેપ લાગવાની શક્યતા ઓછી હોય તેવા અન્ય લોકો માટે, રોજિંદા નિવારક પગલાં લેવાથી (આર. એસ. વી.) ફેલાવવાની સંભાવના ઘટી શકેછે.

- **બીમાર હો ત્યારે ઘરમાં જ રહો**
- **હાથ વારંવાર ધુઓ અને સેનિટાઈઝ કરો**
- **ઉધરસ અને છીંક ખાતી વખતે તમારા મોઢાને હાથ વડે નહીં, પરંતુ ટિસ્યુ અથવા શર્ટની બાંયથી ઢાંકો**
- **હાથ ધોયા વિના ચહેરાનો સ્પર્શ કરવો ટાળો**
- **વારંવાર સ્પર્શ થતી સપાટીઓને સાફ કરો**

સ્ત્રોત: www.cdc.gov/rsv

એશયિન, મૂળ હવાઈયન અને પેસફિકિ આઈલેન્ડર ભાષાઓમાં સંસાધનો:
www.aa-nhpihealthresponse.org/resources